આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૫૭ | ૧૭ ઓગષ્ટ, ૨૦૧૩, શનિવાર; શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મનપામાં સમિતિઓ રચવાનો મુસદ્દો આજે ચર્ચાશે

## આજે સામાન્ય સભામાં સમિતિઓ રચવાના નિયમોનો મુસદ્દો રજુ થશે : આરોગ્ય, પાણી, સોલીડવેસ્ટ, શિક્ષણ સમિતિ સહિત વિવિધ સમિતિઓનો મુસદ્દો રજુ કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળનારી સામાન્ય સભામાં કોર્પોરેશનની વિવિધ સમિતિઓની રચના માટેના નિયમોનો મુસદ્દો રજુ કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની રચનાને બે વર્ષ થવા આવ્યા પણ સરકારે હજુ સત્તા સોંપણી કરી નથી. તેમજ હજુ નવી સેવાઓની જવાબદારી પણ સોંપી નથી પરંતુ કોર્પોરેશન દ્વારા આરોગ્ય, પાણી સમિતિ, સોલિડ વેસ્ટ સમિતિ, શિક્ષણ સમિતિ સહિતની વિવિધ સમિતિઓની રચના માટેના નિયમો તૈયાર કરી આજની સામાન્ય સભામાં રજુ કરવામાં આવનાર છે.

આ નિયમો સંખ્યાની દૃષ્ટિએ ૧૦ જેટલા છે જેમાં સમિતિનું નામ, સમિતિના સભ્યોની સંખ્યા તેની સત્તાઓ, બેઠકો ક્યારે મળશે જેવી બાબતોને આવરી લઈ તૈયાર કરવામાં આવેલ છે.

આ બેઠકમાં સમિતિની રચનાના નિયમો પસાર થયા બાદ તે માટે પ્રજાજનોમાંથી તે અંગેના વાંધા સૂચનો મેળવવામાં આવશે અને ત્યારબાદ વાંધા-સૂચનો બાદ જરૂરી સુધારા-વધારા હશે તો તે સાથે પુનઃ મંજૂર કરી સરકારની મંજૂરી માટે મોકલવામાં આવશે.

મહાનગરપાલિકાના સામાન્ય સભાના નિયમો, ભાડા-ભથ્થાના નિયમો સરકારે પાંચ મહિનાથી પણ વધુ સમય બાદ મંજૂરી આપી હતી જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની આજની બેઠકમાં અન્ય કોઈ ખાસ કામગીરી નથી.

હોટલ પથિકાશ્રમ ઉજવે છે.
મહા ગણેશ ઉત્સવ-૨૦૧૩
૯ સપ્ટેમ્બર થી ૧૫ સપ્ટેમ્બર સ્થળ : હોટલ પથિકાશ્રમ પાર્ટી પ્લોટ
સ્ટોલ બુકીંગ અને વધુ માહિતી માટે સંપર્ક કરો.
૯૮૨૫૮૦૧૭૮૦, ૯૮૨૫૮૦૧૭૮૨, ૯૮૨૫૦૨૩૫૫૪

## ગાંધીનગર મેડિકલ કોલેજમાં પ્રથમ દિવસે ૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મેડીકલ કોલેજમાં આજે પ્રથમ દિવસે જ એકી સાથે સાત વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે.

ગત શૈક્ષણિક સત્રથી અમલમાં આવેલ ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૧૫૦ બેઠકો છે. ગયા વર્ષે કાઉન્સીલીંગના પ્રથમ દિવસે એક વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો હતો. આ વખતે પ્રથમ દિવસે સાત વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી અને પોતાનું રિપોર્ટીંગ પણ કોલેજ સત્તાવાળાઓ સમક્ષ કરી દીધુ છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ આ વર્ષે તેની બેઠકો ૨૦મી સુધીમાં ભરાઈ જશે તેવો વિશ્વાસ ધરાવે છે. જો કે કોલેજ સત્તાવાળાઓ ૨૫મીથી શૈક્ષણિક સત્ર શરૂ કરવાના મૂડમાં છે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં અદ્યતન સુવિધાઓ હોવાથી વિદ્યાર્થીઓમાં તે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. આ કોલેજને એક વર્ષમાં જ સાત જેટલા દેહદાન પણ મળ્યા છે.

વિદ્યાર્થીઓ માટે આ કોલેજમાં ઈ-લાયબ્રેરી સહિત વિશાળ પ્રયોગ ખંડો અને લેકચર હોલ તેમજ ઘણી બધી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.




સરકારની પહેલ, આપની સુવિધા

છેલ્લી તક તા. ૧૯/૮/૨૦૧૩ સુધી

ગુડા

અનઅધિકૃત બાંધકામ નિયમીત કરવાનો કાયદો (ઈમ્પેક્ટનો કાયદો) સરળ "ગુડા-૨૦૧૧"

ઈમ્પેક્ટ ફી ભરો... બાંધકામ નિયમિત કરાવો...

તા. ૨૮/૩/૨૦૧૧ પહેલાંના અનધિકૃત રીતે બનાવેલાં વપરાશ યોગ્ય બાંધકામોને ઈમ્પેક્ટ ફી બાબતના અધિનિયમ-૨૦૧૧ હેઠળ નિયમિત કરાવી સુનિશ્ચિત થાવ.

અરજી દાખલ કરવાની છેલ્લી તારીખ: ૧૯/૮/૨૦૧૩

ગાંધીનગર મહાનગર પાલિકા તથા ગુડા વિસ્તારના રહિશો ઈમ્પેક્ટના કાયદાનો લાભ લેવા સંપર્ક કરે:

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
બ્લોક નં. ૧૮, ૪ થો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર

તા. ૧૮/૮/૨૦૧૩, રવિવાર જાહેર રજાના દિવસે પણ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે

ટૂંકી મુદતની જાહેર નિવિદા

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા નિર્માણાધિન બ્રહ્મભવનના કામ માટેના માલ-સામાન મજૂરી સાથેના ભાવો માટે

આથી રસ ધરાવતી એજન્સીઓને નીચે જણાવેલ કામો માટે ભાવો અલગ અલગ આઈટમ સાથેના સંપૂર્ણ વિગતો રેફરન્સ સાથે સાઈટ પર પહોંચતાના તેમજ મજૂરી સહીતના ભાવો સેકટર-૧૬ બ્રહ્મ ભવન ઉપર સીલબંધ કવરમાં આ નિવિદા પ્રસિધ્ધ થયાના ૭ (સાત) દિવસમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. આવેલ સઘળા ભાવો અથવા આવેલ ભાવો પૈકીના કોઈ ભાવો માન્ય રાખવા કે રદ કરવા તેનો અબાધિત અધિકાર શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર રાખે છે.

નોંધ : માલ-સામાનનો જથ્થો તથા સ્પેસીફીકેશન બ્રહ્મભવન, સેક્ટર-૧૬ની ઓફીસે રૂબરૂ કામકાજના સમયે સંપર્ક કરવાથી મળી શકશે.

સીલબંધ કવરમાં ભાવો મોકલવાનું સરનામું
(સવારે ૯-૦૦ થી ૧૨-૩૦ અને બપોરે ૩-૦૦ વાગેથી સાંજના ૬-૦૦ કલાક સુધી)
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, બ્રહ્મભવન, સેક્ટર-૧૬ના રંગમંચ સામે,
શ્રી સોમનાથ મહાદેવ મંદિર પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૩૫૯૩૯

| પિનાકીન રાવલ | નરેશ દવે | મીલીન્દ પુરોહિત | સી. એલ. મહેતા |
|---|---|---|---|
| પ્રમુખ | મહામંત્રી | પ્રોજેક્ટ એન્જીનીયર | પ્રોજેક્ટ ચેરમેન |
| | | ૯૮૨૫૦ ૪૮૫૩૨ | ૯૪૨૬૦ ૦૯૬૪૯ |




